

સૌને પ્રિય એવો ઉત્તરાયણનો તહેવાર હવે નજીકમાં આવી ગયો છે. કોરોનાનો કહેર ઓછો થયો છે ત્યારે ઉત્તરાયણના તહેવારની ઉજવણીનો ઉત્સાહ વધ્યો છે. બજારોમાં પતંગોની ખરીદી ધીમે ધીમે વધી રહી છે. બજારોમાં ઘરાકી જામી રહી છે.

# રાજ્યમાં બર્ડ ફ્લૂની દહેશતની વચ્ચે ૧૪૦ પક્ષીના મોત

## તકેદારી માટે કાંકરિયા ઝૂનો પક્ષી વિભાગ બંધ કરાયો : સોમનાથમાં પક્ષીઓને ગાંઠિયા ખવડાવવા પર પ્રતિબંધ

ગાંધીનગર, તા. ૧૦

રાજ્યાં બર્ડ ફ્લૂની દહેશત વચ્ચે અત્યાર સુધીમાં ૧૪૦ પક્ષીઓના શંકાસ્પદ મોત થયા છે. જૂનાગઢના માંગરોળમાં ૭૦ અને રાજપીપળામાં ૬ કાગડાના મોત થયા છે. સાથે જ જૂનાગઢમાં ૬ બગલા અને ડોળાસામાં ૩ વિદેશી પક્ષીનાં પણ મોત થયાં હતાં. તો અંજારના ભીમાસરમાં કૂવામાંથી ૪૫ જેટલા રણકાગડા મૃત હાલતમાં મળી આવ્યા હતા. આ ઉપરાંત આજે સવારે ડાંગમાં પણ ૧૦ કાગડાના મોત થયા છે. જેની જાણ કરાતાં વનવિભાગનો સ્ટાફ અને પશુવાનના તબીબો આવ્યા હતા. ફોરેસ્ટના કર્મચારીઓ મૃત પક્ષીઓના સેમ્પલ લઈ ટેસ્ટ માટે મોકલ્યા છે. જેનો રિપોર્ટ હજુ આવ્યો નથી. પરંતુ સાવચેતીના ભાગ રૂપે હાલ રાજ્યના પોલ્ટ્રી ફાર્મમાં ચેકિંગ કરવામાં આવી રહ્યું છે. સાથે જ રાજ્યનાં વિવિધ પક્ષી અભયારણ્ય પ્રવાસીઓ માટે બંધ કરવામાં આવ્યાં છે.

વઘઈ ખાતે ૧૦ કાગડાના ભેદી મોત થયા છે. સરકારી ખેતીવાડી હાઈસ્કૂલની સામે કાગડા મૃત હાલતમાં મળી આવ્યા છે. ત્યારે સ્થાનિક લોકોમાં બર્ડ ફ્લૂની દહેશત વચ્ચે કાગડાના મોતથી લોકોમાં ભય ફેલાયો છે. વનવિભાગ દ્વારા મૃત કાગડાના સેમ્પલ લઈ તપાસ અર્થે મોકલ્યા છે. અમદાવાદમાં બર્ડ ફ્લૂના સંભવિત ખતરાને લઈ એએમસી તંત્ર એલર્ટમાં આવ્યું છે. તકેદારી માટે કાંકરિયા ઝૂનો પક્ષી વિભાગ બંધ કરાયો છે. મુલાકાતીઓને પક્ષી વિભાગમાં જવાની મંજૂરી આપવામાં નહિ આવે. હાલ ઝુમાં ૧૨૦૦ જેટલા વિવિધ પક્ષીઓ છે. ફક્ત તકેદારી માટે નિર્ણય લેવાયો હોવાનું ઝુ ડાયરેક્ટરે જણાવ્યું છે. અંજાર તાલુકાના ભીમાસર ગામના તળાવમાંથી મોટી સંખ્યામાં પક્ષીઓના મૃતદેહ મળી આવ્યા છે. ૩૦ થી ૪૦ જેટલા જળચર પક્ષીઓ મૃત હાલતમાં મળી આવતા લોકોમાં ભય ફેલાયો છે. સ્થાનિક લોકોએ તંત્રનું ધ્યાન દોરતા કાર્યવાહી કરવામાં આવે છે.

## હરિની દ્રષ્ટિ...

- હરિન ભટ્ટ



આ નાક જો... ચાઈનાવાળા જેવું થઈ ગયું છે ને ?.. હું કહેતો હતો કે આ ચાઈનાવાળાનું કાવત્રુ જ છે ને...!!!

# વેક્સીન આપ્યા બાદ લોકોને નિરીક્ષણ હેઠળ રખાશે : રૂપાણી

ગાંધીનગર, તા. ૧૦

દેશભરમાં ૧૬ જાન્યુઆરીથી કોરોના વેક્સિનેશનની કામગીરી શરૂ થવા જઈ રહી છે. ત્યારે ગુજરાતમાં કોરોના વેક્સિનેશનને લઈને સીએમ રૂપાણીનું મહત્વનું નિવેદન આવ્યું છે. તેમણે કહ્યું કે, વેક્સિન અપાયા બાદ લોકોને નિરિક્ષણ હેઠળ રખાશે. આ દરમિયાન તેમને કોઈ સમસ્યા થશે તો તેઓને તાત્કાલિક સારવાર આપવામાં આવશે. તેના માટે વેક્સિન સેન્ટર પર ત્રણ રૂમ તૈયાર કરવામાં આવ્યા છે.

જેમાં વેઈટિંગ રુમ, વેક્સિન રુમ અને ઓબ્ઝર્વેશન રુમ શામેલ છે. હેલ્થ અને ફ્રન્ટલાઈન વર્કર્સને પહેલા મળશે વેક્સીનનો લાભ વિજય રૂપાણીએ જણાવ્યું કે, 'વેક્સીન આવી ગઈ છે, મને એ વાતનો ગર્વ છે જે વેક્સીનને મંજૂરી આપવામાં આવી છે. તે બંને વેક્સીન મેઈન ઈન ઈન્ડિયા છે. સમગ્ર ગુજરાતમાં વેક્સીન આપવા માટે ડેટાબેઝનું કામ પૂર્ણ કરી દેવાયું છે. ગુજરાતની અંદર ચાર લાખ ઉપર હેલ્થકેર વર્કર્સ તેમજ ૬ લાખથી વધુ ફ્રન્ટલાઈન વર્કર્સ કુલ ૧૧ લાખ જેટલા કર્મચારીઓને કોરોના વેક્સીનનો પહેલો લાભ મળશે.'

તેઓએ વધુમાં જણાવ્યું કે, 'કોરોના વેક્સીનેશન માટે હાઉસ ટૂ હાઉસ સર્વેનું કામ પણ પૂર્ણ થઈ ચૂક્યું છે. એની અંદર ૫૦ વર્ષથી ઉપરના લગભગ ૧.૦૫ કરોડ લોકો છે. પચાસ વર્ષથી નાના ૨.૭૫ લાખ લોકો ગંભીર બીમારીથી પીડાઈ રહ્યા છે. રાજ્યમાં ગ્રામ્ય અને શહેરી એમ ૬ સ્થાનો પર વેક્સીન ટ્રાય રન સફળતાપૂર્વક પૂર્ણ કરાયો છે. આ દરમિયાન ૧૬૦૦૦ હેલ્થકેર વર્કર્સને વેક્સિનેટર તરીકે વિશેષ ટ્રેનિંગ આપીને તૈયાર કરવામાં આવ્યા છે. જેઓ વેક્સીન લગાડવાનું કામ કરશે.'

વેક્સીન સેન્ટર પર મુખ્ય ત્રણ રૂમની વ્યવસ્થા કરવામાં આવી છે. જેમાં વેઈટિંગ રૂમ, વેક્સીન રૂમ તથા જ્યાં વેક્સીન લગાડવામાં આવશે ત્યાં ઓબ્ઝર્વેશન રૂમ શામેલ છે. વેક્સીન લગાડ્યા બાદ જે લોકોને કોઈ સમસ્યા થાય તો તેમની તબીબી સારવાર માટે રૂમ ઉપલબ્ધ હશે. કોરોના વેક્સીનના ટ્રાન્સપોર્ટેશન માટે કોલ્ડ ચેઈનની પણ વ્યવસ્થા કરવામાં આવી છે. વેક્સીનને સ્ટોર કરવા માટે રાજ્યમાં ૬ રિજિયનલ ડેપો તૈયાર કરવામાં આવ્યા છે. આ સંપૂર્ણ રસીકરણની વ્યવસ્થામાં જે સાધનોનો ઉપયોગ કરાશે તેનું ઓડિટિંગ પણ પૂરું થઈ ગયું છે. એટલું જ નહીં, કેન્દ્ર સરકાર તરફથી પણ રાજ્યને વધારાના સાધનો મળી ગયા છે. આમ ભારત દુનિયાનું સૌથી મોટું વેક્સિનેશન કરવા માટે જઈ રહ્યું છે.



માણસાના ચરાડા ખાતે આજે કિસાન સૂર્યોદય યોજનાનો પ્રારંભ કરાવવામાં આવ્યો હતો. આ પ્રસંગે શ્રમયોગી બોર્ડના ચેરમેન સુનીલભાઈ સિંગી, કિસાન મોરચાના હિતેન્દ્રભાઈ પટેલ, પૂર્વ ધારાસભ્ય અમીતભાઈ ચૌધરી, પોલીસ આવાસ નિગમના ડી. ડી. પટેલ અને અનિલ પટેલ સહિત આગેવાનોએ હાજરી આપી હતી. વસાઈ ફિડરના ૧૦ ગામોમાં આ યોજનાનો આજે પ્રારંભ કરાવવામાં આવ્યો હતો.



## ચિલોડા ગામનું ગૌરવ

ગાંધીનગર તાલુકાના મોટા ચિલોડા ગામના સ્વ. ચતુરભાઈ બેચરભાઈ સોલંકી તથા મંજુલાબેન ચતુરભાઈ સોલંકીના સુપુત્ર ડૉ. વિક્રમ ચતુરભાઈ સોલંકી નોર્થ ગુજરાત યુનિવર્સિટી પાટણમાં વિષય - માઈક્રોબાયોલોજી અને પીએચ.ડી.માં બાયો ડિઝલ વિષય શોધ નિબંધ પર થીસીસ દ્વારા પીએચ.ડી.ની પદ્વી પ્રાપ્ત કરતાં જય છેડાલ ગ્રુપ પરિવાર તથા મિત્રમંડળ સમાજ તરફથી અભિનંદન પાઠવ્યા હતા.

# પેથાપુર ફતેપુરા પાસેથી ચોરીની રીક્ષા સાથે બે શખ્સો ઝડપાયા

ગાંધીનગર, તા.૧૦

ગાંધીનગર નજીક પેથાપુર ફતેપુરા પાસેથી ચોરીની રીક્ષા બે શખ્સોને એલસીબી-૧ પોલીસે દબોચી લીધા છે. ચોર ઈસમોએ ચાંદખેડા ગાયત્રીનગર વિસ્તારમાંથી રીક્ષા ચોરી હતી. પોલીસે રૂ.૧૦ હજારની રીક્ષા કબ્જે કરી ચાંદખેડા પોલીસ મથકનો વાહનચોરીનો ગુનો ઉકેલી દીધો છે.

ગાંધીનગર એલસીબી પીઆઈ જે.જી.વાઘેલાના માર્ગદર્શન હેઠળ પીએસઆઈ ડી.એસ.રાઓલ તેમજ ટીમના સભ્યો પેથાપુર ચોકડી પાસે પેટ્રોલીંગમા હતા. તે સમયે એએસઆઈ હજારીસિંહ અને હેડ કોન્સ્ટેબલ ભવાની સિંહને સંયુકત રીતે બાતમી મળી હતી કે પેથાપુર ફતેપુરા ત્રણ રસ્તા નજીક બે શખ્સો ચોરીની રીક્ષા નં. જી.જે.૦૧.બી.યુ.૪૯૯૫ સાથે ઉભા છે. જેથી એલસીબી પોલીસ બાતમીને પગલે સ્થળ પર પહોંચી જઈને પ્રિયકાંત ઉર્ફે લાલો દેવેન્દ્રભાઈ શ્રીમાળી (રહે.૧૨૬૧ માં ભાડેથી ગાયત્રીનગર, અંબેમાનો ચોક ચાંદખેડા, મુળ રહે.જય ભીમરાવ



નગર લોદ્રા ગામ તા.માણસા જી.ગાંધીનગર), અને જીતેન્દ્ર ઉર્ફે માયકલ ઉમેદસિંહ તવર (રહે.૫૯ સેકટર-૪ ચાણકયપુરી ઘાટલોડીયા. મુળ રહે.અજમેર રાજસ્થાન) પકડી પાડ્યા હતા. પોલીસે રીક્ષાના કાગળો માગતા તેઓ આપી શકયા ન હતા. જેથી પોલીસે ઉંડાણપૂર્વક તપાસ કરતા રીક્ષા તા.૧.૧.૨૧ના રોજ સવારે તેઓના ઘરની નજીક ગાયત્રીનગર અંબેમાતાના ચોક પાસેથી ચોરી કરી હતી અને આ રીક્ષા લઈ તેઓ ફેરવતા હતા. પોલીસે રીક્ષાની કિં.૧૦ હજાર ગણી કબ્જે કરી બે શખ્સો સામે કાયેદસરની કાર્યાવહી હાથ ધરી છે.

## સીટી બસ દોડશે... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

નાગરિકો કોઈપણ રૂટમાં પોઈન્ટ ટુ પોઈન્ટ માત્ર રૂ ૫ માં જ મુસાફરી કરી શકશે. ગાંધીનગરના મેયરે રીટાબેન પટેલે આ અંગે જણાંવ્યા મુજબ મહાનગરપાલિકામાં ભળેલા પેથાપુર નગરપાલિકા, ગાંધીનગર જિલ્લાના કેટલાક ગુડા વિસ્તારના ૧૮ ગામ અને ૭ ગ્રામ પંચાયતના નવા વિસ્તારના રહેવાસીઓને ઝડપી અને સરળ પરિવહન સેવા ઉપલબ્ધ કરાવવા માટે ગુજરાત અર્બન ડેવલપમેન્ટ મિશન અને મહાનગરપાલિકાના અધિકારીઓ સાથે બેઠક યોજીને બસ ઓપરેટરોને સેકટરોમાં પણ નવા રૂટ શરૂ કરવા માટે શકયતાદર્શી અહેવાલ તૈયાર કરી આપવા માટે જણાંવ્યુ હતુ. જયારે આ રીપોર્ટના અંતે પ્રથમ તબક્કામાં નવા ૪ રૂટ પર બસ સેવા ઉપલબ્ધ કરાવવા માટે મંજુરી આપી દેવામાં આવી છે. જેના લીધે ટુંક સમયમાં જ નવ વિકસિત વિસ્તારના નાગરિકોને પણ શહેરી બસ સેવાનો લાભ મળશે.

## ટ્રેઈન શરૂ થશે...● અનુસંધાન છેલ્લાનું ચાલુ

દ્વારા પણ આ તબક્કે હરિદ્વારની સાથે ઈન્દોર , ગરીબ રથ, ભાવનગર, આણંદ અને દાહોદના રૂટની ટ્રેઈન પણ ઝડપથી શરૂ કરવા માટે માંગણી કરવામાં આવી છે. રેલવે તંત્ર , અર્બન રેલવે કોર્પોરેશને વાંધા પ્રમાણપત્ર આપી ટ્રેઈન શરૂ કરવા માટે પણ મહામંડળે રજુઆતમાં જણાંવ્યુ છે. જયારે આ ટ્રેઈન શરૂ કરવા સહીત જે ટ્રેઈનો ખોડિયારથી કલોલ રૂટમાં આગળ જાય છે તે તમામને ગાંધીનગર થઈને દોડાવવા માટે પણ રજુઆતમાં જણાંવ્યુ છે.

## બેઠક યોજાશે... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

આવક ઘટશે પણ કરકસરના પગલાં લેવામાં કોઈ પાછીપાની નહિ કરાય તેમ પણ આ નેતાઓએ જણાવ્યુ હતુ. તાલુકામાં જે પ્રશ્નો છે તેના માટે તંત્રને વધુ લોકાભિમુખ બનાવવા પર પણ ભાર મુકવામાં આવ્યો છે. તાલુકામાં બક્ષીપંચની વસ્તી ધરાવતા ગામો અને નબળી આર્થિક સ્થિતિ ધરાવતી પંચાયતોના વિસ્તારમાં પણ વિકાસના ફળ લોકો સુધી પહોંચે તેના પર ધ્યાન કેન્દ્રીત કરવામાં આવ્યુ હોવાનું પણ આ નેતાઓએ સ્વીકાર્યુ હતુ.

## મિશન મોડ પર...● અનુસંધાન પહેલાનું ચાલુ

તબક્કામાં ફક્ત હોસ્પિટલોમાં આરોગ્ય કર્મચારીઓને રસી આપવામાં આવશે. ૧૬ જાન્યુઆરીએ દિલ્હીની ૩૬ સરકારી હોસ્પિટલો અને ૫૩ ખાનગી હોસ્પિટલોમાં રસીકરણ યોજવામાં આવશે. આ રસી ૧૨ અથવા ૧૩ જાન્યુઆરી સુધીમાં દિલ્હી આવશે. રાજસ્થાનમાં રસીકરણ માટેની તૈયારીઓ પણ તીવ્ર થઈ ગઈ છે. કોરોના રસીકરણ અંગે રાજ્યની તૈયારીઓ અંગે રાજ્યના આરોગ્ય મંત્રી રઘુ શર્માએ પણ મીડિયા સાથેની વાતચીતમાં આ અંગે માહિતી આપી છે. મીડિયાને માહિતી આપતા રઘુ શર્માએ જણાવ્યું હતું કે રાજ્યમાં કોવિડ રસીકરણનો ડ્રાય રન ૧૮ જાન્યુઆરી ૨૦૨૧ના રોજ સાત જિલ્લાના ૧૮ સ્થળોએ સફળતાપૂર્વક પૂર્ણ કરવામાં આવ્યો છે.

## બાયોમેડિકલ કચરો...● અનુસંધાન પહેલાનું ચાલુ

પ્રદેશ (૨,૫૦૨ ટન), દિલ્હી (૨,૪૭૧ટન), પશ્ચિમ બંગાળ (૨,૦૯૫), કર્ણાટકા (૨,૦૨૬) ક્રમશ: આવે છે. લગભગ ૪,૫૩૦ ટન જેટલો કચરો ડિસેમ્બર દરમિયાન થયો છે જેમાં સૌથી વધારે મહારાષ્ટ્રમાં ૬૨૯ ટન અને તે પછી કેરળમાં ૫૪૨ ટન અને ત્રીજા નંબરે ૪૭૯ ટન સાથે ગુજરાતનો નંબર આવે છે. વિવિધ મહિનાઓના આંકડા પ્રમાણે ગુજરાત બાયોમેડિક વેસ્ટ જનરેટ કરવામાં લગભગ ઉપરના સ્થાને જ રહ્યું છે.



ગાંધીનગરના દોડવીરોએ રંગ રાખ્યો : રવિવારે યોજાયેલ વડોદરા ઈન્ટરનેશનલ વર્ચ્યુલ હાફ મેરેથોન ૨.૩૪ મિનિટમાં પૂર્ણ કરી સફળતા સંપન્ન કરનાર ગાંધીનગરના ૬ દોડવીરોએ રંગ રાખ્યો હતો. જેમાં ડૉ. ગુંજન જૈન, ડૉ. જીજ્ઞેશ રાજવીર, બ્રિજેશકુમાર, વિરલ શાહ, નીતિનભાઈ મણિયાર અને ડૉ. પ્રણવ જોશીપુરાનો સમાવેશ થાય છે. આ સિઝનમાં સતત ત્રીજી વખત વર્ચ્યુઅલ હાફ મેરેથોનમાં ભાગ લઈ સફળતા મેળવી હતી.

# દહેગામ જીપડાલામાંથી ૧૫૦ ચાઈનીઝ ફીરકી ઝડપાઈ

ગાંધીનગર, તા.૧૦

દહેગામ શહેરમાંથી વધુ ૧૫૦ ચાઈનીઝ ફીરકી પોલીસે પકડી પાડી છે. પોલીસે જીપડાલામાંથી ૫ ખોખા ભરેલી રૂ.૧૫ હજારની ફીરકી અને જીપડાલુ કિં.૩ લાખ મળી કુલ રૂ.૩.૧૫ લાખનો મુદ્દામાલ કબ્જે કરી પોલીસે ચાર શખ્સો સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

મળતી વિગત મુજબ દહેગામ-નાંદોલ ફાટક પાસે આવેલી દેવભુમિ સોસાયટીના મકાન નં.૧૦ ખાતે રહેતા અનિલ સુખદેવભાઈ જાટ ચાઈનીઝ દોરીનો વેપાર કરે છે અને હાલના સમયે તેમના ઘર પાસે ઉભા રહેલા જીપ ડાલામાં ચાઈનીઝ દોરીના બોક્ષ પડેલા છે. તેવી બાતમી દહેગામ પોલીસને મળતા તેઓએ તપાસ કરતા જીપ ડાલા નં.જી.જે.૨૭. ટી.ટી.-૧૯૮૯ નંબરમાં ખાખી કલરના એક બોક્ષમાંથી ૩૦ ફીરકી મળી આવી હતી.જેથી પોલીસે પાંચ ખોખામાંથી ૧૫૦ ચાઈનીઝ ફીરકી કબ્જે કરી હતી. જયારે જીપડાલાનો ચાલક બેઠેલા મહેન્દ્ર કોદરજી ઠાકોર (ઉં૩૪ રહે.રામોલ રીંગરોડ મહાકાલી હોટલ પાછળ),બાજુમાં બેઠેલા ચિરાગ રમેશભાઈ પટેલ (ઉં.૩૫, મહેમદપુરા પટેલ વાસ) અને ડાલાની પાછળ ઉભેલા અનિલ સુખદેવભાઈ જાટ (રહે.દેવભુમિ સોસાયટી દહેગામ)ને પકડી પાડયા હતા. પોલીસે દોરી અંગે પુછતાછ કરતા તેઓએ આ દોરી દહેગામના રાજુ શામલાલ સિંધી પાસેથી લાવ્યો હોવાનું જણાવ્યું હતું. પોલીસે રૂ.૧૫,૦૦૦ ની કિંતમની ફીરકી નંગ -૧૫૦ અને રૂ.૩ લાખનું જીપડાલુ કબ્જે કરી જાહેરનામા ભંગનો ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# ઉત્તરાયણમાં નકલી ગોગલ્સ વેચવાનો કારસો પકડાયો છે

અમદાવાદ, તા. ૧૦

એક તરફ કોરોના વાયરસનો માર અને બીજી તરફ ઝડપી કમાઈ લેવાના ચક્કરમાં વેપારીઓ ગેરકાયેદસર કામ કરી રહ્યા છે. આવો જ એક ગેરકાયદેસ વેપાર પકડાયો છે, કે જેમાં નકલી ગોગલ્સ વેચવાનો કારસો પકડાયો છે. ઉત્તારાણના તહેવારમાં બજારમાં પતંગ-દોરીની સાથે ચશ્માની પણ ભારે માંગ રહેતી હોય છે, આવામાં બ્રાન્ડેડ કંપનીના નામે બોગસ ગોગલ્સ વેચવાનું ષડ્યંત્ર પકડાયું છે અને આ સાથે નકલી ગોગલ્સ પણ કબજે લેવામાં આવ્યા છે.

ઉત્તરાયણ પર ધાબા પર પતંગ ચગાવવા માટે જતા રસિયાઓ નવા ચશ્મા ખરીદતા હોય છે આવામાં ગ્રાહકોના બ્રાન્ડેડના નામે છતરવાનો મોટો કિસ્સો સામે આવ્યો છે જેમાં શુક્રવારે ક્રૈંઇ ક્રાઈમ બ્રાન્ચ અને રેલવે દ્વારા દરોડા પાડ્યા હતા જેમાં ૬ કરોડના નકલી ચશ્માનો જથ્થો ઝડપાયો છે. તહેવારો દરમિયાન વધારે ભીડ રહેતી હોય તેવા ગાંધીરોડ પર આ દુકાન આવેલી છે કે જ્યાંથી દરોડા પાડીને નકલી ચશ્માનો માલ ઝડપી લેવામાં આવ્યો છે.

કોટ વિસ્તારમાં આવેલા ગાંધી રોડ પર આવેલી ભૂમિ ઓપ્ટિકલ્સ નામની દુકાનમાં બ્રાન્ડના નામે ગ્રાહકોને છેતરવાનો કિસ્સો ધ્યાને આવતા ત્યાં દરોડા પાડીને ૬ કરોડના નકલી ચશ્મા કબજે લેવામાં આવ્યા છે. આ દુકાન ૩૯ વર્ષના સુધીર હિરાલાલ ક્રિષ્નાની દ્વારા ચલાવવામાં આવે છે જે મેઘાણીનગરનો રહેવાસી છે. અહીં દરોડા દરમિયાન જાણીતી બ્રાન્ડના ચશ્મા બિલ વગર વેચવામાં આવતા હોવાનું પણ ધ્યાને આવ્યું છે. જે દિશામાં પણ પોલીસ દ્વારા કાર્યવાહી કરવામાં આવી રહી છે.

કાલુપુર પોલીસે આરોપી સુધીર ક્રિષ્નાનીનો મોબાઈલ ફોન અને રેડ દરમિયાન મળી આવેલા મહત્વના કાગળો કબજે લઈને આગળની કાર્યવાહી શરુ કરી છે. આ રેડ અંગે ક્રૈંઇ ક્રાઈમ બ્રાન્ચ દ્વારા જણાવવામાં આવ્યું છે કે, ×આરોપી સામે કોપી રાઈટ એક્ટ હેઠળ ગુનો દાખલ કરવામાં આવ્યો છે. રેડ પાડ્યા બાદ એક પછી એક નકલી બ્રાન્ડેડ કંપનીના ચશ્માનો ઢગલો મળતા પોલીસને પણ નવાઈ લાગી હતી. આ સાથે આ ચશ્મા કેટલા સાચા છે તે જાણવા માટે પણ બ્રાન્ડના જાણકાર વ્યક્તિનો સંપર્ક કરવામાં આવશે.

## અમદાવાદનાં રેન્જ આઈ.જી. કેસરીસિંહ ભાટીનું હૃદયરોગના હુમલાથી મોત

અમદાવાદનાં રેન્જ આઈજી કેસરીસિંહ ભાટીનું હૃદયરોગનો હુમલો આવવાથી અવસાન થયું છે. ગઈકાલે સાંજે તેમને પેટમાં દુખાવો ઉપડ્યો હતો. જેને પગલે તેમને ઝાયડસ હોસ્પિટલમાં




દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં બપોરબાદ તેમને હૃદયરોગનો હુમલો આવતા મૃત્યું થયું છે. રેન્જ આઈ.જી.નાં નિધનથી પોલીસ બેડામાં શોક વ્યાપી ગયો છે.

સુરત પાસે એક વ્યક્તિનું માર્ગ અકસ્માતમાં મોત નીપજ્યું ત્યારે એક માસુમ બાળક પિતાની લાશ પાસે રડી રહ્યું હતું. આ જોઈને ત્યાં ઉભેલા તમામની આંખો ભરાઈ આવી હતી. બાળકને રડતું જોઈને ત્યાં તપાસ માટે આવેલા અધિકારી કેસરીસિંહ ભાટીએ આ બાળકને ભણાવવા માટે કહ્યું હતું.